بسم اللہ الرحمن الرحیم   نحمدہ و نصلی علی رسولہ الکریم   وعلی عبدہ المسیح الموعود

لا الٰہ الا اللہ محمد رسول اللہ

دفتر مجلس انصاراللہ بھارت

Office Of The Majlis Ansarullah Bharat

Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA

Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com

نمبر/Ref ________   تاریخ/Date ________

# નમ્રતાના પ્રકાશમાં પયગંબર મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ના ઉમદા ચારિત્ર્યનું હૃદયસ્પર્શી વર્ણન.

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ أَمَّا بَعْدُ فَأَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ أَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા ,તા .15 મે 2026 સ્થળ: મસ્જિદ મુબારક, ઇસ્લામાબાદ, યુ.કે**

તશહુદ, તઆઉઝ અને સુરાહ અલ-ફાતિહાની તિલાવત બાદ હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલા એ ફરમાવ્યું:

અમે માનીએ છીએ અને ઇમાન રાખીએ છીએ કે જો દુનિયામાં કોઈ સંપૂર્ણ માનવી જન્મ્યો હોય તો તે હઝરત મુહમ્મદ મુસ્તફા (સ. અ. વ.) છે. તેમના પહેલા કે પછી કોઈ સંપૂર્ણ માનવી જન્મ્યો નથી. અલ્લાહના હક્કો પૂરા કરવાની વાત હોય કે લોકોના હક્કો પૂરા કરવાની વાત હોય, બધા જ ઉચ્ચતમ નૈતિકતા આપના વ્યક્તિત્વમાં જોવા મળે છે. આપના ઉચ્ચતમ નૈતિકતામાંનું એક નમ્રતાનું પાત્ર પણ છે.

આજે, આ સંદર્ભમાં, હું કેટલીક હદીસો અને હઝરત અકદસ મસીહ મૌઉદ(અ. સ.)ની કેટલીક વાતો રજૂ કરીશ. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ફરમાવે છે કે દુનિયામાં પવિત્ર પયગંબર સ. અ. વ. કરતાં વધુ સંપૂર્ણ માનવીનું કોઈ ઉદાહરણ નથી, અને ન તો કયામતના દિવસ સુધી હોઈ શકે છે. પછી જુઓ કે શક્તિના ચમત્કારો પ્રાપ્ત કર્યા પછી પણ, પયગંબરનો તેમના સમયમાં વલણ હંમેશા ગુલામીનો રહ્યો અને તેઓ વારંવાર કહેતા રહ્યા, "હું ફક્ત તમારા જેવો જ એક માનવી છું."

ફરમાવ્યું : ખાલી બડાઈ અને બિનજરૂરી ઘમંડથી બચવું જોઈએ અને નમ્રતા અપનાવવી જોઈએ. જુઓ! પવિત્ર પયગંબર, જે ખરેખર મહાન અને મહાનતાના સૌથી લાયક હતા, તેમની નમ્રતાનું એક ઉદાહરણ પવિત્ર કુરાનમાં મોજુદ છે. લખ્યું છે કે એક અંધ માણસ પવિત્ર પયગંબર સ. અ. વ. પાસે આવતો અને પવિત્ર કુરાનનો પાઠ કરતો. એક દિવસ, મક્કાના વડીલો અને શહેરના વડાઓ તેમની સમક્ષ ભેગા થયા અને તેઓ તેમની સાથે વાત કરવામાં વ્યસ્ત હતા. આંધળો માણસ થોડીવાર રાહ જોતો રહ્યો અને પછી ચાલ્યો ગયો. તેમણે કહ્યું:

આ એક નાનકડી વાત છે, પરંતુ અલ્લાહ તઆલાએ તેના વિશે એક સૂરા નાઝીલ કરી. આના પર, પવિત્ર પયગંબર (સ. અ. વ.) તેમના ઘરે ગયા અને તેમને સાથે લાવ્યા અને તેમને તેમની બરકતવાળી ચાદર પર બેસાડ્યા. હકીકત એ છે કે જેમના હૃદયમાં અઝમત-એ- ઇલાહી છે તેઓએ નમ્ર અને વિનમ્ર બનવું જોઈએ કારણ કે તેઓ હંમેશા અલ્લાહની લાચારીથી ડરતા અને ધ્રૂજતા રહે છે.

હઝુર અનવરે ફરમાવ્યું : આ ફક્ત પવિત્ર કુરાનમાં વર્ણવાયેલ અથવા હઝરત મસીહ મૌઉદ (અ. સ.) દ્વારા વર્ણવાયેલ ઘટના નથી, પરંતુ તે એક પાઠ છે જે આપણને આપવામાં આવ્યો છે કે પવિત્ર પયગંબર (સ.અ.વ.) તમારા માટે એક સારું ઉદાહરણ છે. તેથી જો તમે તેમને પ્રેમ કરવાનો દાવો કરો છો, તો તમારે નમ્રતા અને નમ્રતાના ઉચ્ચતમ ધોરણો પ્રાપ્ત કરવાનો પણ પ્રયાસ કરવો જોઈએ. અલ્લાહના રસૂલ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે દરેક માનવીના માથા પર બે સાંકળો બાંધેલી છે. એક સાંકળ આકાશ તરફ છે અને બીજી સાંકળ પૃથ્વી તરફ છે. જ્યારે કોઈ બંદા નમ્રતા અપનાવે છે, ત્યારે જે ફરિશ્તાના હાથમાં આકાશની સાંકળ હોય છે તે સાંકળ ઉપર ઉઠાવે છે, અને જ્યારે તે ઘમંડી અને ગર્વિત થઈ જાય છે, ત્યારે પૃથ્વીની સાંકળ તેને નીચે ખેંચી લે છે. પયગંબર (સ.અ.વ.) એ ફરમાવ્યું કે જ્યારે કોઈ બંદા નમ્રતા અપનાવે છે, ત્યારે અલ્લાહ તઆલા તેને સાતમા આસમાન સુધી ઉંચા કરે છે.

પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ના પોતાના માટે નમ્રતાના ધોરણો શું હતા? આ સંદર્ભમાં, હઝરત અનસથી વર્ણવવામાં આવ્યું છે કે એકવાર એક માણસે પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ને સંબોધીને કહ્યું, "હે અમારા સરદાર ઈબ્ને સરદાર ઓ ખૈર ઇબ્ને ખૈર! આ સાંભળીને આપે ફરમાવ્યું "હે લોકો! તમારા પર તકવા ફરજિયાત બનાવો, અને શેતાન તમને છેતરી ન લે. હું મુહમ્મદ ઇબ્ને અબ્દુલ્લા છું. અલ્લાહનો બંદો અને તેનો રસૂલ. અલ્લાહની કસમ! મને ગમતું નથી કે તમે મને અલ્લાહે આપેલા દરજ્જા કરતાં વધુ અતિશયોક્તિ કરો.

તેવી જ રીતે, પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એ ફરમાવ્યું કે કોઈને તેનો અમલ જન્નતમાં દાખલ નહી કરે. સહાબાએ કહ્યું યા રસુલ અલ્લાહ આપને પણ? આપે ફરમાવ્યું મને પણ નહી. સિવાય તેના કે મને અલ્લાહ પોતાના ફઝલ થી ઢાંકી લે.

રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આ દુઆ કરતા હતા કે હે મારા અલ્લાહ મને જરૂરતમંદ તરીકે જીવિત રાખ અને જરૂરતમંદ તરીકે મોત આપ અને મને જરૂરતમંદના સમૂહમાં ઉઠાવ. એક સ્ત્રી જેની બુદ્ધિ કંઈક અલગ હતી તેણે આપ સ. અ. વ. ને કહ્યું કે હે મુહમ્મદ સ. અ. વ.મારે તમારું કામ છે આપે ફરમાવ્યું હે ફલાંની અમ્મા મને જે ગલીમાં ચાહોલઇ ચાલો જ્યાં સુધી કે તમારું કામ ન કરી દઉં.

હઝુર ફરમાવે છે કે પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અન્સાર પાસે જતા ત્યારે તેમના બાળકોને સલામ કરતા, તેમના માથા પર હાથ ફેરવતા અને તેમના માટે દુઆ કરતા. એક વાર એક માણસ તેમની પાસે આવ્યો અને તેમની સાથે વાત કરી. આપ સ. અ. વ. ના ડરથી તેના ખભા ધ્રુજવા લાગ્યા, ત્યારે આપે કહ્યું, "શાંત રહો! હું બાદશાહ નથી, હું ફક્ત એક એવી સ્ત્રીનો દીકરો છું જે સૂકું માંસ ખાતી હતી. હઝરત અકદસ મસીહ મૌઉદ અ. સ. ફરમાવે છે કે જેમ જેમ અલ્લાહ તઆલા આપણા નબી સ. અ. વ.ને સફળતા આપી, તેમ તેમ તેઓ નમ્રતા અને વિનમ્રતા અપનાવતા રહ્યા.

પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ કહ્યું મારી પ્રશંસામાં અતિશ્યોક્તિ ન કરો જે પ્રકારે ઈસાઈઓ એ મરીયમ ના પુત્ર ની પ્રશંસામાં અતિશયોક્તિ કરી. હું તો ફક્ત અલ્લાહનો સેવક છું તમે કહો કે અલ્લાહ નો સેવક અને તેનો રસુલ.

પયગંબર સ. અ. વ. એ કહ્યું, "કોઇએ એવું ન કહેવું જોઇએ કે હું યુનુસ બિન મત્તા કરતાં શ્રેષ્ઠ છું." શ્રેષ્ઠ હોવા છતાં, તેમણે તેમની નબળાઇને કારણે તેમની શ્રેષ્ઠતા વ્યક્ત કરવાનું ટાળ્યું. એક વ્યક્તિએ તેમને ખૈરુલ બરિય્યા તરીકે સંબોધ્યા, તો આપે કહ્યું કે તેઓ ઇબ્રાહિમ છે.

હઝુરઅનવરે ફરમાવ્યું કે પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ અલયહિ વ સલ્લમ) સૃષ્ટિ અને પૃથ્વીમાં સર્વશ્રેષ્ઠ હતા અને છે, પરંતુ તેમણે નમ્રતાપૂર્વક તેનો શ્રેય હઝરત ઇબ્રાહિમને આપ્યો.

જ્યારે મક્કા જીતી લેવામાં આવ્યું, ત્યારે પવિત્ર પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ) એ એક લાખ સહાબા સાથે હજ કર્યું તે વખતે આપની નમ્રતાનો એ આલમ હતો કે તેમણે સાધારણ ઘોડા પર હજ કર્યું આપની ચાદર ચાર દીરહમ અથવા તેનાથી પણ ઓછી હતી હઝરત મસીહ મૌઉદ અ. સ. ફરમાવે છે કે મુહમ્મદ નામ સુંદરતાનું પ્રતીક છે. તેમજ વિપરીત મુહમ્મદ નામ મહિમાનું પ્રતીક છે. તેનું કારણ એ છે કે મુહમ્મદ નામમાં લોકપ્રિયતાનો સાર છે જ્યારે અહમદ નામમાં પ્રેમનો સાર છુપાયો છે.મુહમ્મદ નામમાં છુપાયેલી લોકપ્રિયતા સહાબાના માધ્યમથી પ્રગટ થઈ અને નિંદા કરનાર અને ગદ્દાર અલ્લાહના પ્રિય હોવાની મહિમાથી દબાઈ ગયા.

હઝરત અનસ (રઝી) એ વર્ણવ્યું છે કે રસૂલ (સ.અ.વ.) બીમાર લોકોની મુલાકાત લેતા, જનાજામાં હાજરી આપતા અને ગધેડા પર સવારી કરતા. તેઓ ગુલામનું આમંત્રણ સ્વીકારતા. રસૂલ (સ.અ.વ.) લોકોની લાગણીઓની કેટલી કાળજી રાખતા? આનું ઉદાહરણ એ છે કે તેમણે એક વાર એક રક્તપિત્તનો હાથ પકડીને તેને પોતાની સાથે એક વાટકામાં મૂક્યો અને કહ્યું: "અલ્લાહના નામ પર ખાઓ, તેના પર ભરોસો રાખીને અને આદરપૂર્વક ખાઓ."

પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક મુસાફરી દરમિયાન બકરાનું ગોસ્ત બનાવવાનો ઈર્શાદ ફરામાવ્યું તો લોકોએ બકરાને ઝબાહ કરવું, ચામડું ઉકેલવું, જમવાનું બનાવવાનું વગેરે પોત પોતાની જિમ્મેદારી લઇ લીધી આપે ફરમાવ્યું કે ઇંધણ ભેગું કરવાની જવાબદારી મારી છે. સહાબીઓ એ કહ્યું હે અલ્લાહના રસુલ અમે તમારા માટે કાફી છીએ તેથી આપે ફરમાવ્યું હું જાણુ છું કે તમે મારા માટે કાફી છો પણ હું વિશિષ્ટ નથી દેખાવા માગતો. કેમકે અલ્લાહ પોતાના બંદાને લોકોમાં વિશિષ્ટ જોવાનું પસંદ નથી કરતો.

હઝરત આયશા (રઝી) એ ફરમાવ્યું છે કે પયગંબર (સ. અ. વ.) પોતાના પરિવારના સભ્યોને ઘરના મહત્વપૂર્ણ કામોમાં મદદ કરતા હતા અને જ્યારે નમાઝનો સમય થતો ત્યારે નમાઝ માટે જતા હતા.

હઝુર અનવરે ફરમાવ્યું કે તેમાં એવા પુરુષો માટે પણ માર્ગદર્શન છે જેઓ ઘરકામ કરવાનો સંપૂર્ણપણે ઇન્કાર કરે છે અને પછી તેમની પત્નીઓ ફરિયાદ કરે છે.

પયગંબર મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પોતાના જૂતા જાતે રિપેર કરતા, પોતાના કપડાં જાતે સીવતા અને પોતાના ઘરમાં કામ કરતા, જેમ તમારામાંથી કોઈ પોતાના ઘરમાં કામ કરે છે.

હઝુર અનવરે ફરમાવ્યું કે આનાથી એ પણ ખબર પડે છે કે સહાબીઓ પણ પોતાની પત્નીઓને પોતાના ઘરોમાં મદદ કરતા હતા, પરંતુ અહીં એ પણ સ્પષ્ટ હોવું જોઈએ કે ઘરકામની વાસ્તવિક જવાબદારી પત્નીઓની છે.

આપે હંમેશા પસંદગીનો વ્યવહાર કરવાનો ઇનકાર કર્યો. પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એ મસ્જિદે નબ્વીના બાંધકામ માટે ઇંટો વહન કરવામાં લોકોને ટેકો આપ્યો. ખનદક ખોદતી વખતે તેઓ માટી વહન કરતા હતા, અને પરિસ્થિતિ એવી હતી કે માટીએ તેમના છાતીના વાળ છુપાવી દીધા હતા.

એક પ્રસંગે, આપ (સ. અ. વ.) આવ્યા ત્યારે સહાબાઓ ઉભા થયા, તો આપે ફરમાવ્યું, "જે રીતે અહલે ફારીસ તેમના વડીલો સાથે કરે છે તેવું ન કરો."

હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) ફરમાવે છે કે પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આવતા ત્યારે લોકોને ઉભા થવાની મનાઈ કરતા અને કહેતા, "આ ઈરાનીઓનો રિવાજ છે. હું કોઈ બાદશાહ નથી."

હઝરત મસીહ મૌઉદ (અ. સ) ફરમાવે છે, "મારા મતે, પવિત્ર થવાનો આ શ્રેષ્ઠ માર્ગ છે, અને આનાથી સારો માર્ગ શોધવો શક્ય નથી. વ્યક્તિએ કોઇપણ રીતે ઘમંડી કે બડાઇખોર ન હોવું જોઇએ. ન તો જ્ઞાનમાં, ન કુટુંબમાં, ન પૈસામાં. જ્યાં સુધી કોઈ વ્યક્તિ ગરીબ અને એકલી વૃધ્ધ સ્ત્રી સાથે તે જ રીતે વર્તે નહીં જે રીતે ઉચ્ચ વંશના વ્યક્તિ સાથે વર્તે છે અથવા વર્તવા જોઈએ, અને પોતાને દરેક પ્રકારના ગર્વ, ઘમંડ અને અહંકારથી બચાવે નહીં, ત્યાં સુધી તે ક્યારેય અલ્લાહ તઆલાની બાદશાહતમાં પ્રવેશ કરી શકશે નહીં."

અલ્લાહ તઆલા આપણને નમ્રતાની વાસ્તવિકતા સમજવાની અને પવિત્ર પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ના ઉદાહરણને હંમેશા આપણી સમક્ષ રાખવાની શક્તિ આપે. આમીન.

*****

اَلْحَمْدُ لِلّٰہِ نَحْمَدُہٗ وَنَسْتَعِیْنُہٗ وَنَسْتَغْفِرُہٗ وَنُؤْمِنُ بِہٖ وَنَتَوَکَّلُ عَلَیْہِ وَنَعُوْذُ بِاللّٰہِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَمِنْ سَیِّئَاتِ اعْمَالِنَا مَن یَّھْدِہِ اللّٰہُ فَلاَ مُضِلَّ لَہٗ وَمَنْ یُّضْلِلْہُ فَلاَ ھَادِیَ لَہٗ وَنَشْھَدُ أَنْ لَآ اِلٰہَ اِلاَّ اللّٰہُ  وَنَشْھَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُہٗ وَرَسُوْلُہٗ عِبَادَ اللّٰہِ رَحِمَکُمُ اللّٰہُ اِنَّ اللّٰہَ  یأْمُرُ بِالْعَدْلِ وَالْاِحْسَانِ وَاِیْتَآءِ ذِی الْقُرْبٰی وَیَنْھٰی عَنِ الْفَحْشَآءِ وَالْمُنْکَرِ وَالْبَغْیِ یَعِظُکُمْ لَعَلَّکُمْ تَذَکَّرُوْنَ اُذْکُرُوا اللّٰہَ  یَذْکُرْکُمْ وَادْعُوْہُ یَسْتَجِبْ لَکُمْ وَلَذِکْرُ اللّٰہِ اَکْبَرُ ۔